સત્યમેव जयते

કેસ દાખલ તારીખ:૧૧/૧૦/૨૦૨૧
રજી.થયા તારીખ:૧૧/૧૦/૨૦૨૧
ફેસલ કર્યા તારીખ:૨૦/૧૦/૨૦૨૩
સમય ગાળો:વર્ષ.... માસ....દિવસ...

અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર:૦૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબર:**133525-2021.**
આંક:...

ફરીયાદી:- શ્રી સરકાર.

<u>વિરૂધ્ધ.</u>

આરોપી:- રણજીતસિંગ બલદેવસિંગ અઠવાલ
રહેવાસી:- કરતાલસિંગની ચાલી, રામકોલોની નવાવાડજ, અમદાવાદ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.કે.પટેલ.
આરોપી તર્ફે વિ.વ.શ્રી

---

ગુનો:પ્રોહીબિશન એક્ટની કલમ:૬૫(એ)(એ) મુજબ.

---

## <u>- ચુ કા દો -</u>

---

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તારીખ:૦૮/૦૨/૨૦૨૧ ના રોજ કલાક:૨૨-૪૦ વાગ્યાના સુમારે નવાવાડજ ભીમજીપુરા ચાર રસ્તા સિલ્વર પ્લાઝા આગળ જાહેરમાં વગર પાસપરમીટે પોતાના

કબજામાં દેશી દારૂ-૦૬ લીટર જેટલો કિ.રૂા.૧૨૦/- ની મત્તાનો રાખી મળી આવી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ, ફરીયાદીએ નોંધાવતા ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા તેમજ જે તે સમયે રેડ દરમ્યાનનુ પંચનામુ કરેલ આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપી જામીન મુક્ત હોય તેઓને ઘણા સમયથી પ્રોસેસ કાઢવા છતાં પ્રોસેસ બજે કે વગર બજે પરત આવતા ન હોય, પોલીસ મશીનરી આરોપીને હાજર રાખવામાં સફળ રહેલ નથી. આરોપી ઘણા લાંબા સમયથી નામદાર કોર્ટમાં હાજર ન રહેતા જેથી ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૯૯ મુજબ ફરીયાદપક્ષનો પુરાવો આરોપીની ગેરહાજરીમાં નોંધવાનો હુકમ કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફથી તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવા | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | પંચ સાહેદ ચમનજી ગલાબજી ઠાકોરની જુબાની | ૦૩ |
| ૨ | પંચ સાહેદ મનુજી ચુનાજી ઠાકોરની જુબાની | ૦૫ |

| (બી) દસ્તાવેજી પુરાવા | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | પંચનામુ | ૦૪ |

(૪) ફરીયાદપક્ષ દ્વારા ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલનથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– મુ દ્દા –**

(૧) શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ ગઈ તારીખઃ૦૮/૦૨/૨૦૨૧ નાં રોજ કલાકઃ૨૨–૪૦ વાગ્યાના સુમારે નવાવાડજ ભીમજીપુરા ચાર રસ્તા સિલ્વર પ્લાઝા આગળ જાહેરમાં વગર પાસપરમીટે પોતાના કબજામાં દેશી દારૂ–૦૬ લીટર જેટલો કિ.રૂા.૧૨૦/– ની મત્તાનો રાખી મળી આવી પ્રોહીબિશન એક્ટની કલમઃ૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઊપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**– ન્યાય નિર્ણય માટેનાં કારણો –**

**મુદ્દા નંબરઃ–૧.**

(૭) આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા સારૂ ગુના અંગેની ઝડતી તપાસ અંગેનું પંચનામું કરેલ તેના પંચ સાહેદ ચમનજી ગલાબજી ઠાકોરનાઓને આંકઃ૦૩ થી તથા બીજા પંચ સાહેદ મનુજી ચુનાજી ઠાકોરનાઓને આંકઃ૦૫ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. પંચ સાહેદોને પંચનામું બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામું આ કામે આંકઃ૦૪ થી દાખલ થયેલ છે જે પંચનામાની વિગત વિશે તેઓને કંઈ ખબર નથી. તેમજ તેમની હાજરીમાં પોલીસે કોઈ દારૂ પકડેલ નથી અને પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી. સદરહુ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય એ.પી.પી.શ્રીનાઓએ

હોસ્ટાઈલ પંચ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૮) ફરીયાદપક્ષે રજુ થયેલા પ્રસ્તુત પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદ  ચમનજી ગલાબજી ઠાકોર તથા બીજા પંચ સાહેદ મનુજી ચુનાજી ઠાકોરને તપાસવામાં આવેલ છે તેઓનાં પુરાવાથી પોલીસે માત્ર પંચનામામાં સહી કરાવેલી જે પંચનામુ આંકઃ૦૪ થી રજુ થયેલ છે તે સિવાય બીજી કોઈ હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેઓના રૂબરૂ પોલીસે કોઈ કાર્યવાહી કરેલ હોય તેમજ તેમની હાજરીમાં પોલીસે કોઈ દારૂ પકડેલ હોય તેવી પણ કોઈ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદીની ફરીયાદ વિશે શંકા ઉત્પન્ન કરે છે. આમ જ્યારે ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવામાં શંકા ઊત્પન્ન થતી હોય ત્યારે તે સાબીતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા પંચ સાહેદો સ્વતંત્ર સાહેદ છે તેવા સંજોગોમાં પંચ સાહેદોની જુબાનીને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. પંચ સાહેદોના પુરાવાથી પંચનામું તેમજ મુદ્દામાલ સર્ચ, સીલ, સિઝર મેમાની હકીકતો પુરવાર થતી નથી. આમ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાથી ફરીયાદ પક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ ન હોય, આ કામના આરોપીને સદર ગુનામાં કસુરવાર ઠરાવી શકાય નહી જેથી ઊપરોક્ત કરેલ ચર્ચાનુંસાર આ કામનાં આરોપીને સદરહુ આરોપ સાથે સાંકળી શકાય તેવો કોઈ જ પુરાવો ન હોઈ ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે જ્યારે મુદ્દા નંબરઃ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નિચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૪૮(૧) મુજબ પ્રોહીબીશન એકટની કલમઃ૬૫(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારે કરી આપેલ જામીનખત રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

(૩) મુદ્દામાલ દારૂ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૦મી માહે ઓકટોબર સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ.
તારીખઃ૨૦/૧૦/૨૦૨૩.

( દેવાંગ ચંદ્રવદન રાવલ )
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯.અમદાવાદ
કોડ નં.જીજે.૦૧૨૦૯.